Tuesday
06.10.2026
*Volume :11 * Issue No.94
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત' મલ્ટિમીડિયા પ્રદર્શનની મુલાકાત લીધી

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના પં. દીનદયાળ ઑડિટોરિયમ ખાતે માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા આયોજિત 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત' વિષયક વિશેષ મલ્ટિમીડિયા પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આ પ્રદર્શનમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતથી શરૂ થયેલી ૨૫ વર્ષની જનસેવા, નેતૃત્વ અને વિકાસયાત્રાની ઝાંખી વિવિધ પેનલ, પોસ્ટર્સ અને દૃશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિઓના માધ્યમથી રજૂ કરવામાં આવી છે, જેને મુખ્યમંત્રીશ્રીએ નિહાળી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ પ્રદર્શનની મુલાકાતે આવેલાં નાગરિકો સાથે સહજ સંવાદ પણ કર્યો હતો. તેમણે કહ્યું કે વિવિધ લોકલક્ષી યોજનાઓના માધ્યમથી તમામ નાગરિકોના વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં જનસેવા, સાધના અને સુશાસનનાં ૨૫ વર્ષના ઉપક્રમે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વિવિધ જનહિતલક્ષી કાર્યક્રમો અને આયોજનો હાથ ધરવામાં આવી

રહ્યા છે. જે અંતર્ગત, રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા શ્રી નરેન્દ્રભાઈ મોદીની આ વિકાસયાત્રાની ઝાંખી આ પ્રદર્શનમાં રજૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ પ્રદર્શનના વિવિધ વિભાગોની મુલાકાત લઈ રજૂ કરવામાં આવેલી વિકાસલક્ષી કામગીરીની માહિતી મેળવી હતી તેમજ સમગ્ર આયોજનની સરાહના કરી હતી. આ પ્રદર્શનમાં ગુજરાતના કૃષિ-પશુપાલન, શિક્ષણ, ઉદ્યોગ, બંદરો, ઊર્જા, જળશક્તિ, મહિલા સશક્તીકરણ અને સામાજિક વિકાસ સહિતના ક્ષેત્રોમાં થયેલી કામગીરીની ઝાંખી પણ પ્રદર્શિત કરવામાં આવી છે. આ ઉપરાંત, કૃષિ મહોત્સવ, શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, જ્યોતિગ્રામ યોજના, ઈ-મમતા, મિશન મંગલમ, જ્ઞાનશક્તિ, પાણીદાર આયોજન, ખેલ મહાકુંભ, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ, પશુ આરોગ્ય મેળા, સમરસ છાત્રાલય યોજના સહિત શ્રી નરેન્દ્રભાઈ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શરૂ કરવામાં આવેલી વિવિધ વિકાસલક્ષી પહેલોની માહિતી પણ રજૂ કરવામાં આવી છે. વડાપ્રધાનશ્રીની ૨૫ વર્ષની વિકાસયાત્રા સાથે સંકળાયેલી કામગીરી અંગે મુલાકાતીઓ માટે ક્વિઝનું પણ આયોજન કરવામાં આવ્યું છે. પં. દીનદયાળ ઑડિટોરિયમ ખાતેનું આ પ્રદર્શન તા. ૫ ઑક્ટોબર સુધી સવારે ૮ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લું રહેશે. જેની મુલાકાત નાગરિકો લઈ શકશે. આ પ્રસંગે મેયર હિતેશભાઈ બારોટ, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ વિક્રાંત પાંડે, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, અધિક માહિતી નિયામક ડૉ. સંજય કચોટ, અગ્રણીઓ તથા અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરી તેમજ અમ્યુકોના અધિકારીઓ અને મુલાકાતીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા આયોજિત ૩૭મા યુવા મહોત્સવ 'કલ્પવૃક્ષ' માં સિદ્ધપુરના ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂતની પ્રેરક ઉપસ્થિતિ

પાટણ HNGU ના ૩૭મા યુવા મહોત્સવ 'કલ્પવૃક્ષ'નો ભવ્ય પ્રારંભ, ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે યુવા પ્રતિભાઓને બિરદાવી

કલ્પવૃક્ષ - The UniYouthFest 2026: યુવાનોની કલા અને સર્જનાત્મકતાનું વિશાળ મંચ, સિદ્ધપુર ધારાસભ્યશ્રી રહ્યા ઉપસ્થિત

હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના યુવા મહોત્સવમાં સર્જનાત્મકતાનો સંગમ, ધારાસભ્યશ્રીએ વિદ્યાર્થીઓને આપી શુભકામના

કમલમ્,

પાટણ - હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા આયોજિત ૩૭મા યુવા મહોત્સવ 'કલ્પવૃક્ષ – The Uni YouthFest 2026' નો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સિદ્ધપુરના લોકપ્રિય ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિવિધ કલા, સંસ્કૃતિ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ રહેલા યુવા પ્રતિભાઓના ઉત્સાહ, સર્જનાત્મકતા અને કલાસાધનાને નિહાળીને આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે, વિવિધ કલા-સંસ્કૃતિ દ્વારા યુવાનોને પોતાની પ્રતિભા પ્રદર્શિત કરવા માટે આવું વિશાળ મંચ પૂરું પાડવું એ ખરેખર સરાહનીય બાબત છે. યુવાનોની પ્રતિભા માત્ર તેમની વ્યક્તિગત ઓળખ જ નહીં, પરંતુ રાષ્ટ્રના ઉજ્જ્વળ ભવિષ્યનો મજબૂત આધાર છે. 'કલ્પવૃક્ષ' જેવા યુવા મહોત્સવો યુવાનોમાં આત્મવિશ્વાસ, સર્જનાત્મકતા, ટીમભાવના અને આપણી સમૃદ્ધ સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. તેમણે આ ભવ્ય આયોજન બદલ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પરિવારને અભિનંદન પાઠવ્યા હતા અને તમામ પ્રતિભાગી યુવા મિત્રોને ઉજ્જ્વળ ભવિષ્ય માટે હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં ડૉ. કિશોર સી. પોરિયા (વાઈસ ચાન્સેલર, એચ.એન.જી. યુનિવર્સિટી), પ્રખ્યાત કવિ અને ગીતકાર શ્રી પ્રશાંત કેદાર જાદવ, ગાયિકા શ્રી ઋજુ જાદવ, ડૉ. રોહિતકુમાર દેસાઈ (રજિસ્ટ્રાર, એચ.એન.જી. યુનિવર્સિટી), ડૉ. ચિરાગ પટેલ, યુનિવર્સિટીના સ્ટાફ મિત્રો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મેમનગર ખાતે પંડિત દીનદયાળ ઉપાધ્યાય લાઈબ્રેરીની મુલાકાત લીધી

વિદ્યાર્થીઓ માટે ૨૪ કલાક અભ્યાસની સુવિધા સાથે જ્ઞાન અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ માટેનું કેન્દ્ર

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના મેમનગર ખાતે પંડિત દીનદયાળ સમુત્કર્ષ સંસ્થા દ્વારા સંચાલિત લાઈબ્રેરીની મુલાકાત લઈ સંસ્થાના ટ્રસ્ટીઓ સાથે બેઠક યોજી હતી. સ્વ. નાનાજી દેશમુખની પ્રેરણા અને સ્વ. પંડિત દીનદયાળ ઉપાધ્યાયના વિચારોને આધારે કાર્યરત આ સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે સુવિધાયુક્ત વાતાવરણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. આ લાઈબ્રેરી વિશે સંસ્થાના ટ્રસ્ટીઓએ માહિતી આપતાં જણાવ્યું કે, મેમનગર ખાતે તા. ૧૭ જુલાઈ, ૧૯૯૯થી કાર્યરત આ લાઈબ્રેરીમાં વિદ્યાર્થીઓ માટે ૨૪ કલાક અભ્યાસની સુવિધા ઉપલબ્ધ છે. અત્યાર સુધીમાં અહીં ૩,૮૩૪ વિદ્યાર્થીઓ લાભ લઈ ચૂક્યા છે. જેમાં CA/CS, GPSC, મેડિકલ, એન્જિનિયરિંગ તથા જનરલ સહિતનાં વિવિધ ક્ષેત્રોના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. લાઈબ્રેરીમાં આધુનિક સુવિધાઓ સાથે એકાઉન્ટિંગ તથા નિયમિત ઓડિટની વ્યવસ્થા ઉપરાંત વિદ્યાર્થીઓની હાજરી બાયોમેટ્રિક સિસ્ટમ દ્વારા નોંધવામાં આવે છે. ઝઝૂફ કેમેરા સહિતની અન્ય સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. બોપલ ખાતે સંસ્થા દ્વારા સંચાલિત લાઈબ્રેરીમાં અત્યાર સુધીમાં ૧,૮૬૬ વિદ્યાર્થીઓ લાભ લઈ ચૂક્યા છે. અહીં કમ્પ્યુટર/આઈટી, સ્ટેન્થ, મેડિકલ, એન્જિનિયરિંગ તથા કોમર્સ અને ફાઈનાન્સ ક્ષેત્રના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. લાઈબ્રેરીમાં આશરે ૬,૫૦૦ પુસ્તકો ઉપલબ્ધ છે, જેનો વિદ્યાર્થીઓ ઉપરાંત આસપાસના રહેવાસીઓ પણ લાભ લઈ રહ્યા છે. દીનદયાળ સમુત્કર્ષ સંસ્થા દ્વારા શિક્ષણની સાથે વિવિધ સામાજિક, સાંસ્કૃતિક, આરોગ્ય અને પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે. મેમનગર લાઈબ્રેરી ખાતે વાનપ્રસ્થ મિલન, સમાજસેવાના ક્ષેત્રે કાર્યરત વ્યક્તિઓનું મિલન, સંવેદના અને સંસ્કાર કેન્દ્ર, ગ્રામ સંપર્ક-ગ્રામ દર્શન કાર્યક્રમ, વૈદિક ગણિતના વર્ગો તથા તજ્જ્ઞોનું માર્ગદર્શન જેવા કાર્યક્રમો યોજાય છે. યોગ, એક્યુપ્રેશર અને બાળ સંસ્કાર કેન્દ્ર જેવી પ્રવૃત્તિઓ પણ નિયમિતપણે યોજાય છે. પર્યાવરણ સંરક્ષણના ભાગરૂપે વૃક્ષારોપણ, તુલસીનાં રોપાનું વિતરણ અને ફૂલછોડનું વાવેતર જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. રાષ્ટ્રીય પર્વો, પંડિત દીનદયાળ જયંતી અને દિવાળી સ્નેહમિલન સહિતના કાર્યક્રમો દ્વારા સામાજિક જાગૃતિનું કાર્ય પણ કરવામાં આવે છે. આ લાઈબ્રેરીથી વિદ્યાર્થીઓને વધુ સુવિધાયુક્ત અભ્યાસનું વાતાવરણ મળવાની સાથે જ્ઞાનપ્રાપ્તિ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીને વધુ વેગ મળશે. આ પ્રસંગે મેયર શ્રી હિતેશભાઈ બારોટ, સંસ્થાના ટ્રસ્ટીઓ સર્વ શ્રી રસિકભાઈ ખમાર, મોહનભાઈ ચાવડા, પાયલબેન વ્યાસ, જ્યોતિબેન ભાંડારી, ઉત્કંઠભાઈ ભાંડારી, ઉદયભાઈ કારાણી, ચંદ્રકાન્તભાઈ પટેલ, હાર્દિકભાઈ પરીખ સહિત સંસ્થાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડીસાના મોટી આખોલ ગામે મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના હસ્તે રિવરાઈન લેન્ડસ્કેપ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત

મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં આવેલી ૧૮૫થી વધુ નદીઓના કિનારે વૃક્ષારોપણ કરવાનો નિર્ધાર- મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી

સ્થાનિક પ્રજાતિઓને પ્રાધાન્ય: નદી પરિસરના સંરક્ષણ સાથે સ્થાનિક વૃક્ષ પ્રજાતિઓના વાવેતરને અપાશે વિશેષ પ્રોત્સાહન

કમલમ્, પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં બનાસ નદીના કિનારે નદી પરિસરનું સંરક્ષણ, જૈવવિવિધતાનું જતન તથા સ્થાનિક વૃક્ષ પ્રજાતિઓના વાવેતરને પ્રોત્સાહન આપવાના હેતુસર રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના હસ્તે ડીસા તાલુકાના મોટી આખોલ ગામે રિવરાઈન લેન્ડસ્કેપ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્યની નદીઓના કિનારે હરિયાળી વધારવા અને નદીકાંઠાના પર્યાવરણના સંરક્ષણના અભિગમ સાથે આ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે.

આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં આવેલી ૧૮૫થી વધુ નદીઓના કિનારે વૃક્ષારોપણ કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે આજે બનાસકાંઠા જિલ્લામાં બનાસ નદીના કિનારેથી આ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. નદીના કાંઠે વૃક્ષારોપણ થકી જૈવવિવિધતાનું જતન થાય, નદીના કાંઠાનું ધોવાણ (ઈરોઝન) અટકાવવામાં મદદ મળે અને સ્થાનિક પ્રજાતિઓનું સંરક્ષણ થાય તે બાબતોને ધ્યાનમાં રાખીને વાવેતર કરવામાં આવી રહ્યું છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આવનારા સમયમાં રાજ્યની તમામ નદીઓની આસપાસ ઉપલબ્ધ વિવિધ જગ્યાઓમાં—ચાહે તે સિંચાઈ વિભાગની જમીન હોય, નદી કિનારાની જગ્યા હોય, ગ્રામ પંચાયતની જમીન હોય કે અન્ય સરકારી જમીન હોય—સંબંધિત વિભાગો સાથે સંકલન કરીને વૃક્ષારોપણ કરવામાં આવશે. માનનીય મુખ્યમંત્રીશ્રીના નિર્દેશ હેઠળ શરૂ થયેલા આ રિવરાઈન પ્રોજેક્ટ અંતર્ગત આજે બનાસ નદી પર માવળિયા માતાજીના મંદિરથી સોનેશ્વર મહાદેવ સુધીના પેચનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત આગામી સમયમાં બનાસ નેચરલ ટ્રેલ વિકસાવવાનું આયોજન છે, જેથી લોકો કુદરતની વચ્ચે ચાલીને નદીકાંઠાના પ્રાકૃતિક સૌંદર્ય અને જૈવવિવિધતાનો અનુભવ કરી શકે. ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટની સોશિયલ ફોરેસ્ટ્રી, બનાસકાંઠા દ્વારા આ સમગ્ર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે અને પર્યાવરણ સંરક્ષણ સાથે લોકો માટે કુદરત સાથે જોડાવાની તક ઊભી કરવાનો આ પ્રયાસ છે. આ પ્રસંગે બનાસકાંઠા વન સંરક્ષકશ્રી રેણુકાબેન દેસાઈ સહિત વન વિભાગના અધિકારી - કર્મચારીઓ, સંગઠનના પદાધિકારીઓ સ્થાનિક આગેવાનો, મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

કુચાવાડા ખાતે મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને તાલુકા કક્ષાનો ૭૭મો વન મહોત્સવ યોજાયો

માત્ર હરિયાળી જ નહીં, પક્ષીઓ અને જીવસૃષ્ટિનું આશ્રયસ્થાન બનશે કૂચાવાડાનું વન: ૭૫થી વધુ પ્રજાતિના વૃક્ષોનું સફળ વાવેતર -મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી

કૂચાવાડામાં ૧૦ હજારથી વધુ વૃક્ષો સાથે 'વન કવચ' તૈયાર, આગામી સમયમાં ૨૫ હેક્ટરમાં 'મહાવન કવચ' વિકસાવવાનો લક્ષ્યાંક: મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી

કમલમ્, પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના કુચાવાડા ખાતે તાલુકા કક્ષાનો ૭૭મો વન મહોત્સવ રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ 'વન કવચ'નું લોકાર્પણ કરી પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાનો સંદેશ આપ્યો હતો. વન મહોત્સવ અંતર્ગત કુચાવાડા ખાતે વિવિધ વિસ્તારોમાં મોટા પાયે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. 'વન કવચ' પરિસરમાં 'એક પેડ માં કે નામ-૩.૦' અભિયાન અંતર્ગત મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી તથા ઉપસ્થિત મહેમાનો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, વન કવચ અંતર્ગત કૂચાવાડા ખાતે એક હેક્ટર વિસ્તારમાં ૧૦ હજારથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે, જેમાં ૭૫થી વધુ વિવિધ પ્રજાતિના વૃક્ષોનો સમાવેશ થાય છે. આ વન માત્ર હરિયાળી પૂરતું સીમિત નહીં રહે, પરંતુ પક્ષીઓ, પતંગિયાં, ઈયળો સહિતની જીવસૃષ્ટિ માટે પણ આશ્રયસ્થાન બનશે. વૃક્ષોની ઓળખ અને તેના ઉપયોગ વિશે બાળકોને જાણકારી મળે તે માટે વન વિસ્તારમાં વિવિધ વૃક્ષોના નામ તેમજ ક્યુઆર કોડની વ્યવસ્થા કરવામાં આવી છે. ક્યુઆર કોડ સ્કેન કરતાં સંબંધિત વૃક્ષની વિશેષતા અને ઉપયોગની માહિતી મેળવી શકાશે. સમગ્ર વનને ટપક સિંચાઈ પદ્ધતિથી પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ મોડલને વધુ વિસ્તૃત કરીને કૂચાવાડા ગામે ૨૫ હેક્ટર વિસ્તારમાં મહાવન કવચ વિકસાવવાનો પણ પ્રયાસ કરવામાં આવશે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, કૂચાવાડા અને આસપાસના વિસ્તારમાં પાણીની ઉપલબ્ધતા વધારવા માટે સરકાર અને સ્થાનિક આગેવાનોના સહયોગથી નર્મદાનું પાણી વિસ્તાર સુધી પહોંચાડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કૂચાવાડા ગામના છ તળાવોને પાઈપલાઈન મારફતે એકબીજા સાથે જોડીને પાણીનો સંગ્રહ અને વિતરણ સુવ્યવસ્થિત કરવાનો પ્રયાસ કરવામાં આવશે. આ સાથે સર્વ વિસ્તારમાં રોડ, મોરેશ્વર તળાવની આસપાસ વૃક્ષારોપણ, રમતગમતની સુવિધાઓ તેમજ ગામની અન્ય પ્રાથમિક જરૂરિયાતો પૂર્ણ કરવા માટે પણ કામગીરી કરવામાં આવશે. શિક્ષણ ક્ષેત્રે ધોરણ ૯ અને ૧૦ની સુવિધા શરૂ થઈ છે ત્યારે ધોરણ ૧૧ની મંજૂરી માટે પણ પ્રયાસ કરવામાં આવશે. તેમણે ગ્રામજનોને ખાસ કરીને ખેડૂતોને ભૂગર્ભ જળસંચય માટે બોર રિચાર્જ અને જળસંચયની કામગીરીમાં સક્રિય સહભાગી બનવા અપીલ. આજના જળસંચયના પ્રયાસો જ આવનારી પેઢીના સુરક્ષિત ભવિષ્યનો આધાર બનશે. કુચાવાડા ખાતે નિર્માણ પામેલ વન કવચના ૧ હેક્ટર વિસ્તારમાં ૧૦,૦૦૦થી વધુ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. જ્યારે ગ્રામ વન યોજના અંતર્ગત વધુ ૬,૪૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. આમ, કુલ ૧૬,૪૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. 'વન કવચ' અંતર્ગત ઔષધીય, ઈમારતી, ફળાઉ તથા સુશોભિત સહિતની વિવિધ પ્રજાતિના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. વન મહોત્સવના માધ્યમથી વૃક્ષારોપણને જનભાગીદારી સાથે વેગ આપી પર્યાવરણનું જતન, જૈવવિવિધતાનું સંરક્ષણ અને ભાવિ પેઢી માટે હરિયાળું પર્યાવરણ ઊભું કરવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે બનાસકાંઠા વન સંરક્ષક શ્રી રેણુકાબેન દેસાઈ સહિત વન વિભાગના અધિકારી -કર્મચારીઓ, સંગઠનના પદાધિકારીઓ, સ્થાનિક આગેવાનો, મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

યુવાનોમાં નશા મુક્ત જીવનશૈલી અંગે જાગૃતિ લાવવા તેમજ યુવા શક્તિને વિકસિત ભારતજ૨૦૪૭ના સંકલ્પ સાથે જોડવાના ઉદ્દેશ્યથી અણુવ્રત સમિતિ, અમદાવાદ તથા MYBharat – અમદાવાદ (ગુજરાત), યુવા કાર્ય અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર દ્વારા તથા અન્ય સહભાગી સંસ્થાઓ અને હિતધારકોના સહયોગથી અમદાવાદ ખાતે 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત – ૧૦૦ અઠવાડિયા (રવિવાર) અભિયાન' અંતર્ગત રાજ્ય કક્ષાની 'રન ફોર નશા મુક્ત યુવા' મેગા ઈવેન્ટનું ભવ્ય આયોજન સુશ્રી ડિમ્પલ જૈન, અધ્યક્ષ, અણુવ્રત સમિતિ, અમદાવાદ તથા શ્રી પ્રિતેશ કુમાર ઝવેરી, જિલ્લા યુવા અધિકારી, MY Bharat – અમદાવાદના સહિયારા નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની અધ્યક્ષતા અમદાવાદ પૂર્વ ના લોકપ્રિય માનનીય લોકસભા સાંસદ શ્રી હસમુખભાઈ એસ. પટેલ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં શ્રી સૌરભ જામવાલ, NCC બ્રિગેડિયર, શ્રી સચિન શર્મા, રાજ્ય નિર્દેશક, MYBharat – ગુજરાત, શ્રી વિનોદજી કોઠારી, ઓલ ઈન્ડિયા વાઈસ પ્રેસિડેન્ટ, અણુવિભા, કર્નલ NCC શ્રી મનીષ જસરોટીયા, અણુવ્રત સમિતિ સચિવ મનીશા દત્ત સહિત વિવિધ ક્ષેત્રોના અન્ય મહાનુભાવો અને અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. માનનીય મુખ્ય અતિથિ તથા ઉપસ્થિત મહાનુભાવોએ યુવાનોને નશાથી દૂર રહીને સ્વસ્થ, સશક્ત અને જવાબદાર જીવનશૈલી અપનાવવા આહ્વાન કર્યું હતું તથા નાશ મુક્ત યુવા અંગેની પ્રતિગના પણ લેવડાવી હતી. તેમણે યુવાનોને નશા મુક્ત ભારતના નિર્માણમાં સક્રિય ભાગીદાર બનવા તેમજ પોતાની ઊર્જા અને ક્ષમતાનો ઉપયોગ રાષ્ટ્ર નિર્માણ માટે કરવા પ્રેરિત કર્યા હતા. સાથે જ, યુવા શક્તિને વિકસિત ભારત @2047 ના રાષ્ટ્રીય સંકલ્પ સાથે જોડાઈને ભારતના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવા અપીલ કરવામાં આવી હતી તથા ઉપસ્થિત તમામ મહાનુભાવો દ્વારા સહભાગિયો ને લીલી ઝંડી આપી મેરેથોનની ભવ્ય શરૂઆત કરવી હતી. મેગા ઈવેન્ટમાં વિવિધ સહભાગી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, યુવા સંગઠનો, NCC તથા અન્ય સ્ટેકહોલ્ડર્સના મોટી સંખ્યામાં યુવા પ્રતિભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. યુવાનોની વિશાળ ભાગીદારી અને ઉત્સાહના કારણે સમગ્ર કાર્યક્રમમાં જનજાગૃતિ અને સામૂહિક સંકલ્પનું વાતાવરણ સર્જાયું હતું. 'રન ફોર નશા મુક્ત યુવા' ઉપરાંત કાર્યક્રમમાં આયોજિત 'નશા મુક્ત સહી દિવાલ' (Nasha Mukt Signature Wall) અને સ્લોગન રાઈટિંગ જેવી જાગૃતિપ્રેરક પ્રવૃત્તિઓ ખાસ આકર્ષણનું કેન્દ્ર રહી હતી. યુવા પ્રતિભાગીઓએ નશા મુક્ત સમાજના નિર્માણ માટે પોતાના સંકલ્પ વ્યક્ત કરતાં સહી કરી હતી અને વિવિધ પ્રેરણાદાયી સૂત્રો દ્વારા નશા મુક્ત જીવનનો સંદેશ આપ્યો હતો. આ ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમો અને ફ્લેશ મોબ દ્વારા પણ નશા મુક્ત જીવનશૈલીનો સંદેશ અસરકારક અને સર્જનાત્મક રીતે યુવાનો તથા જનસમુદાય સુધી પહોંચાડવામાં આવ્યો હતો. વિવિધ પ્રવૃત્તિઓએ સમગ્ર મેગા ઈવેન્ટને ઉર્જાસભર અને જનજાગૃતિથી ભરપૂર બનાવ્યો હતો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત યુવાનો અને તમામ સહભાગી સંસ્થાઓ દ્વારા નશા મુક્ત ભારતના નિર્માણ અને વિકસિત ભારત @2047ના સંકલ્પને સાકાર કરવા માટે સક્રિય યોગદાન આપવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. MY Bharat – અમદાવાદ તથા અણુવ્રત સમિતિ, અમદાવાદ દ્વારા આયોજિત આ મેગા ઈવેન્ટનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને નશાની હાનિકારક અસરોથી જાગૃત કરી તેમને સ્વસ્થ અને સકારાત્મક જીવન તરફ પ્રેરિત કરવાનો તેમજ 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત'ના સંદેશને સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડવાનો રહ્યો હતો.

યુવાનો પોતાના કાર્યક્ષેત્રમાં નિતિમત્તા અને સમપર્ણ સાથે સેવાની ભાવના વિકસાવી સશકત ભારતના નિર્માણ માટે આગળ આવે : રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

યુનિવર્સિટી કેમ્પસમાં નિર્મિત નમો ડિજિટલ લાઇબ્રેરી તથા સ્કીલ સેન્ટરનું રાજ્યપાલશ્રીના હસ્તે ઉદ્ઘાટન કરાયું

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીનો ૧૬ મો પદવીદાન સમારોહ; ૬૯૮૯ વિદ્યાર્થીઓ દીક્ષિત થયા : ૪૩ છાત્રોને ગોલ્ડમેડલ

કમલમ્,
ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીનો ૧૬મો પદવીદાન સમારોહ રાજ્યપાલશ્રી અને યુનિવર્સિટીના કુલાધિપતિશ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં ભુજ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે ૬૯૮૯ વિદ્યાર્થીઓને અનુસ્નાતક અને સ્નાતકની પદવી તથા ૪૩ વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સિદ્ધિ માટે ગોલ્ડમેડલ એનાયત કરાયા હતા. દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ શ્યામજી કૃષ્ણ વર્માની જન્મજયંતિએ તેમને નમન કરતા જણાવ્યું હતું કે, કચ્છના સપુત શ્યામજી કૃષ્ણ વર્માએ વિદેશની ધરતી પર રહીને દેશની આઝાદી માટે ક્રાંતિવીરો તૈયાર કર્યા હતા. શ્યામજી કૃષ્ણવર્મા તથા તેમના ગુરુ મહર્ષિ દયાનંદ સરસ્વતીનું જીવન યુવાઓ માટે પ્રેરણારૂપ ગણાવીને રાજ્યપાલશ્રીએ યુવાનોને કર્તવ્યભાવના, રાષ્ટ્રધર્મ, સમાજધર્મ તથા પરિવારધર્મ નિભાવવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ આજરોજ લોકાપર્ણ કરાયેલી ડિજિટલ લાઈબ્રેરી તથા સ્કીલ સેન્ટરને યુવાનો માટે વરદાનરૂપ ગણાવીને અભ્યાસ સાથે પોતાની સ્કીલને ઓળખીને તે દિશામાં આગળ વધવા શીખ આપી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, એક સમયે સતત સંઘર્ષોનો સામના કરતા કચ્છની દશા અને દિશા બંને બદલીને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કચ્છને વિવિધ ક્ષેત્ર અગ્રેસર બનાવ્યું છે.

આજે સમગ્ર વિશ્વ કચ્છને જાણવા અને માણવા આવે છે. રાજ્યપાલશ્રીએ આ પ્રસંગે યુવાનોને ડીગ્રીને માત્ર રોજગારનું માધ્યમ ન ગણીને પોતાના ક્ષેત્રમાં યોગ્યતા કેળવવા સાથે નિતિમત્તા, સમપર્ણ સાથે માનવતાની સેવાની ભાવના વિકસાવી સશક્ત ભારતના નિર્માણ માટે આગળ આવવા હાકલ કરી હતી.

આ પ્રસંગે તેમણે યુવાઓને રાષ્ટ્રની ઉન્નતિને પ્રાધાન્ય આપવા, વૃક્ષારોપણ, જળસંચય કરવા તથા નશાખોરીને તિલાંજલી આપવા સંકલ્પબદ્ધ કર્યા હતા. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દેશ પ્રત્યેની કાર્યનિષ્ઠા, કર્તવ્યભાવનાને આદર્શરૂપ ગણી વિદ્યાર્થીઓને પણ ભારતના વિકાસમાં આવી જ કર્તવ્યનિષ્ઠા દર્શાવવા અનુરોધ કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વમાં ભારત મજબૂત અર્થવ્યવસ્થા સાથે આગળ વધી રહ્યું છે. ત્યારે આજના યુવાનો ગેરમાર્ગે ન દોરાવાઈને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સહયોગી બને. આ પ્રસંગે સાંસદશ્રી વિનોદભાઈ ચાવડાએ ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્માને તેમની જન્મજયંતી નિમિત્તે નમન કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે ઉમેર્યુ હતું કે, રાજ્યપાલશ્રીની પ્રેરણાથી આજે કચ્છમાં પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે ક્રાંતિ આવી છે. કચ્છના ખેડૂતો નવા પ્રયાસો કરી રહ્યા છે. તેમણે આજરોજ લોકાર્પિત કરાયેલી ડિજિટલ લાઈબ્રેરી તથા સ્કીલ સેન્ટરને આર્શીવાદરૂપ ગણાવીને આવનારા સમયમાં પણ નવા સંકલ્પો સાથે નવા આયામો સર કરવા શુભકામના પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૪માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્થપાયેલી આ યુનિવર્સિટી આજે સફળતાપૂર્વક આગળ વધી રહી છે અને આગામી સમયમાં ગુજરાતની ટોચની યુનિવર્સિટીઓમાં સ્થાન મેળવે તેવો આશાવાદ તેમણે વ્યકત કર્યો હતો. તેમણે પદવી પ્રાપ્ત કરનાર સૌ યુવા વિદ્યાર્થીઓને જીવનના નવા પડાવ માટે હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવી હતી. દીક્ષાંત સમારોહમાં ૪૩ ગોલ્ડ મેડાલીસ્ટોને રાજ્યપાલશ્રીના હસ્તે ડિગ્રી સાથે મેડલ એનાયત કરાયા હતા. તેમજ પીએચડી થયેલા ૨૭ છાત્રોને પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહનભાઈ પટેલે યુનિવર્સિટીના વિકાસકામોની છણાવટ સાથે યુનિવસિર્ટીમાં નિર્માણ પામેલ મ્યુઝિયમ, મોલ, જીમ, કાફેટેરીયાનું આગામી સમયમાં લોકાર્પણ તથા જિલ્લાના એક્સટેન્શન સેન્ટર, યુનિવર્સિટીની શૈક્ષિણક પ્રગતિ તથા નવા આયોજન હેઠળના વિકાસકામો અંગે વગેરે માહિતી પૂરી પાડી હતી. તેમણે આગામી સમયમાં નવા ભવન, નવીન અભ્યાસક્રમો શરૂ કરવા તેમજ કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા કરાયેલી વિવિધ શોધ, સંશોધન અંગે માહિતી આપીને ગુજરાતમાં જ નહીં પરંતુ ભારતમાં કચ્છ યુનિવર્સિટીને વિશેષ ઓળખ અપાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમના પ્રારંભે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીને કચ્છ યુનિવસિર્ટી ખાતે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલશ્રીના હસ્તે બે મહત્વપૂર્ણ પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં કચ્છને ગ્રીન એનર્જી હબ બનાવવાના લક્ષ્ય સાથે સ્કીલ સેન્ટર અને વિદ્યાર્થીઓ માટે આધુનિક ટેકનોલોજીથી સજ્જ 'નમો ઈ-લાઈબ્રેરી'નો સમાવેશ થાય છે. ઉપરાંત રાજ્યપાલશ્રી દ્વારા કચ્છ યુનિવસિર્ટી પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરી, કલેકટરશ્રી અનિલ રાણાવસિયા, પશ્ચિમ કચ્છ એસ.પી. શ્રી વિકાસ સુંડા, રજિસ્ટ્રારશ્રી ડો.અનિલ ગોર, ઈસી સભ્યો, ફેકલ્ટી ડીન, કોલેજના આચાયશ્રીઓ, અધ્યાપકો, કર્મચારીગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુંદરા તાલુકાના વિરાણીયા ગામે રાજ્યપાલશ્રીએ સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બની

ગ્રામજનોને આપ્યો સ્વચ્છતા અને પર્યાવરણ જાળવણીનો સંદેશ

ગામ સ્વચ્છ હશે તો મન અને શરીર પણ સ્વસ્થ રહેશે - રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

કમલમ્,
કચ્છ જિલ્લાના બે દિવસીય પ્રવાસે પધારેલા ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પોતાની મુલાકાતના પ્રથમ દિવસે સાંજે મુંદરા તાલુકાના વિરાણીયા ગામની મુલાકાત લઈને ગ્રામજનો સાથે સ્વચ્છતા અભિયાનમાં સહભાગી બનીને સૌને પ્રેરણા આપી હતી. વિરાણીયા ગામે રાજ્યપાલશ્રીએ સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને ગામના વલાણચોક ખાતે સફાઈ કરી હતી. રાજ્યના પ્રથમ નાગરિકને જાતે સફાઈ કરતા જોઈને ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં ગ્રામજનો પણ આ અભિયાનમાં જોડાયા હતા. આ પ્રસંગે ગ્રામજનો સાથે સંવાદ સાધતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પૂજ્ય બાપુના વિચારોની યાદ અપાવતા કહ્યું હતું કે, મહાત્મા ગાંધીજી હંમેશા કહેતા કે ઈશ્વરનો વાસ સ્વચ્છતામાં છે. સ્વચ્છતા જાળવવાથી રોગચાળો અટકતા સ્વાસ્થ્યની પ્રાપ્તિ થાય છે, ત્યારે રાજ્યપાલશ્રીએ ગ્રામજનોને પોતાના જન્મસ્થળ અને કર્મસ્થળને સ્વચ્છ રાખવા અનુરોધ કર્યો હતો. જો આપણું ગામ સ્વચ્છ હશે તો આપણું મન અને શરીર પણ સ્વસ્થ રહેશે. ત્યારે પોતાના ઘરની જેમ ગામને સ્વચ્છ રાખવું એ સહુની નૈતિક ફરજ હોવાનું જણાવીને વિરાણીયાને ઉદાહરણરૂપ બનાવવા રાજ્યપાલશ્રીએ અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ સહુ ગ્રામજનોને સ્વચ્છતાને પોતાના જીવનનું અંગ બનાવવા અપીલ કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ ગામના સફાઈ કર્મચારીઓનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રી અનિરુદ્ધભાઈ દવે, તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી સંતોકબા જાડેજા, જિલ્લા કલેકટરશ્રી અનિલ રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમ, સરપંચશ્રી શક્તિસિંહ જાડેજા, આગેવાનશ્રીઓ દેવજીભાઈ વરચંદ, ધવલભાઈ આચાર્ય સહિત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, ગ્રામ પંચાયતના સદસ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આધુનિક જીવનશૈલી અને મોબાઈલની ટેવ વચ્ચે શારીરિક-માનસિક સ્વસ્થતા માટે દરરોજ યોગ-પ્રાણાયામ અનિવાર્ય: રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મુન્દ્રાના વિરાણીયા ગામની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ અને ગ્રામજનો સાથે કર્યો યોગાભ્યાસ

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી ભારતની પ્રાચીન યોગ વિરાસતને મળી વૈશ્વિક ઓળખ

વિદ્યાર્થીઓને ઉત્તમ પુસ્તકો વાંચવા અને જીવનમાં ભૂલ થાય તો માતા-પિતા કે ગુરુજનોને અવશ્ય જણાવવા રાજ્યપાલશ્રીનું આહ્વાન

કમલમ્,
રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકાના વિરાણીયા ગામની પ્રાથમિક શાળા ખાતે રાત્રિનિવાસ કર્યા બાદ વહેલી સવારે શાળાના વિદ્યાર્થીઓ તથા ગ્રામજનો સાથે યોગાભ્યાસ કર્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત સૌને યોગ, આસન, પ્રાણાયામ અને ધ્યાનના શારીરિક તથા માનસિક ફાયદાઓ સમજાવ્યા હતા. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આજના ભાગદોડભર્યા યુગમાં માનવી મોબાઈલનો આદતી બનતાં કલાકો સુધી એક જ સ્થિતિમાં બેસી રહે છે, જેના કારણે શરીરમાં રક્ત પરિભ્રમણ યોગ્ય રીતે થઈ શકતું નથી. આવી સ્થિતિમાં દરેક વ્યક્તિએ દરરોજ નિયમિત રીતે યોગાભ્યાસ માટે સમય ફાળવવો અત્યંત જરૂરી છે. તેમણે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભગીરથ પ્રયાસોથી ભારતની પ્રાચીન વિરાસત એવા યોગને આજે સમગ્ર વિશ્વમાં અભૂતપૂર્વ ઓળખ અને સન્માન મળ્યાં છે.

જિમ અને યોગ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરતાં રાજ્યપાલશ્રીએ સમજાવ્યું હતું કે, જિમથી માત્ર બાહ્ય દેખાવ સુધરે છે, જ્યારે યોગ અને પ્રાણાયામથી શરીરની આંતરિક ગ્રંથીઓ શુદ્ધ થાય છે અને શરીર અંદરથી મજબૂત બને છે. કપાલભાતિ, અનુલોમ-વિલોમ અને ભસ્ત્રિકા પ્રાણાયામના નિયમિત અભ્યાસથી શ્વસનતંત્ર શક્તિશાળી બને છે, માનસિક તણાવ દૂર થાય છે અને વિદ્યાર્થીઓમાં એકાગ્રતા વધે છે. રાજ્યપાલશ્રીએ બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલા યોગાસનોને બિરદાવી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

આ તકે તેમણે વિદ્યાર્થીઓને ઉત્તમ પુસ્તકો વાંચવાની ટેવ કેળવવા તથા જીવનમાં ક્યારેય પણ કોઈ ભૂલ થાય તો તે પોતાના માતા-પિતા કે ગુરુજનોથી ન છુપાવતા તેમની આગળ ભૂલ સ્વીકારવા અપીલ કરી હતી. આ યોગાભ્યાસમાં જોડાયેલા તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગ્રામજનોને અભિનંદન પાઠવીને રાજ્યપાલશ્રીએ સૌને યોગ અને પ્રાણાયામને પોતાની દૈનિક જીવનશૈલીનો સદાય માટે ભાગ બનાવવા અનુરોધ કર્યો હતો.

પ્રાકૃતિક ખેતી સાથે આવક વધારવા આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી પશુઓનું સંવર્ધન કરીએ : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

રાજ્યપાલશ્રીએ મુંદરા તાલુકાના ભોરારા ગામના પ્રગતિશીલ ખેડૂતના પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લઈને જાતે ગાય દોહી

કચ્છમાં ઇકો એગ્રો ટુરીઝમને પ્રોત્સાહન આપવા રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ફાર્મ ખાતે હોમસ્ટેને ખુલ્લું મૂક્યું

કમલમ્, ભુજ
રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ મુંદરા તાલુકાના ભોરારા ગામના પ્રગતિશીલ ખેડૂતના પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લઈ જાતે ગાય દોહી હતી. રાજ્યપાલશ્રીએ જીવરાજભાઈ ગઢવીના જય માતાજી પ્રાકૃતિક ફાર્મમાં ગાય દોહીને ખેતીની આવક વધારવા પ્રાકૃતિક ખેતી સાથે પશુપાલનમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી પશુઓનું સંવર્ધન કરવા ખાસ સૂચન કર્યુ હતું. આ સાથે રાજ્યપાલશ્રીએ કચ્છમાં ઈકો એગ્રો ટુરીઝમને પ્રોત્સાહન આપવા માટે પ્રાકૃતિક ફાર્મ ખાતે હોમસ્ટેને ખુલ્લું મૂક્યું હતું. ફાર્મની મુલાકાત વેળાએ રાજ્યપાલશ્રીએ શાકભાજીનું હાર્વેસ્ટિંગ કરીને મલ્ટી લેયર શાકભાજી મોડેલને પ્રેરણારૂપ ગણાવ્યું હતું. આ પ્રસંગે તેમણે પ્રગતિશીલ ખેડૂત જીવરાજભાઈ સાથે સંવાદ કરતા તેમની પ્રાકૃતિક ખેતી તરફની સમર્પિતાની સરાહના કરી તેમની પ્રાકૃતિક ખેતી ક્ષેત્રની ઉપલબ્ધતાને અન્ય ખેડૂતો માટે પ્રેરણાદાયી ગણાવી હતી. જીવરાજભાઈની મહેનતના કારણે એક સમયે રાસાયણિક ખેતીના કારણે બંજર બનેલી જમીનનો ઓર્ગેનિક કાર્બન આજે ૨.૮૫ થી પણ વધારે હોઈ નોંધનીય બચ્યો છે, તે બદલ પણ અભિનંદન પાઠવ્યા હતા. આ ફાર્મની મુલાકાત વેળાએ ગ્રામજનો, પ્રાકૃતિક ખેતી કરતા અન્ય ખેડૂતોએ પણ રાજ્યપાલશ્રી પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી અનિલ રાણાવસિયા, પશ્ચિમ કચ્છ એસ.પી શ્રી વિકાસ સુંડા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમ સહિત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ તથા અન્ય પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા મુવાલીયા ફાર્મ, દાહોદ ખાતે "જૈવિક નિયંત્રણ" અંગે ખેડૂત તાલીમ યોજાયો

કમલમ્,
આણંદ કૃષી યુનિવર્સિટી આણંદના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. જે. બી. પટેલના અધ્યક્ષ સ્થાને, મુવાલીયા ફાર્મ દાહોદ ખાતે ટ્રાયબલ સબ પ્લાન (ટીએસપી) યોજના, જૈવિક નિયંત્રણ પ્રયોગશાળા, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તથા ભારતીય કૃષિ અનુસંધાન સંસ્થા, નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે "જૈવિક રોગ-જીવાત નિયંત્રણ" વિષય પર એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમનું યોજાયો. તાલીમ દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક ખેતી, રસાયણમુક્ત ખેતી તથા પાકમાં જૈવિક રોગ-જીવાતના સંકલિત વ્યવસ્થાપન અંગે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ આગામી પેઢીને પ્રાકૃતિક અને પર્યાવરણલક્ષી ખેતી તરફ પ્રેરિત કરવા અંગે ભાર મૂકવામાં આવ્યો હતો.

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતા વિવિધ સંશોધન, શિક્ષણ અને વિસ્તરણ પ્રવૃત્તિઓ અંગે પણ ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે ખેડૂતોને સ્પ્રેયર પંપ, વ્યક્તિગત સુરક્ષા સાધનો (PPE) કીટ, ફેરોમોન ટ્રેપ તથા મેટારિઝિયમ એનિસોપ્લીએ, બ્યુવેરીયા બેસિયાના અને ટ્રાઈકોડર્મા હર્ઝિયાનમ જેવા જૈવિક કીટનાશકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, ખેડૂતોને પાક સંરક્ષણ અને જૈવિક નિયંત્રણ અંગેની માહિતીપ્રદ પુસ્તિકાઓનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે મુન્દ્રાના વિરાણીયા ખાતે એક પેડ મા કે નામ ૩.૦ અંતર્ગત વૃક્ષારોપણ કરાયું

મિયાવાકી પદ્ધતિથી ૧.૪૭ એકરમાં ૩ હજાર રોપાઓ સાથે 'વનકવચ' આકાર પામશે

બાળકોનાં જન્મદિવસ અને લગનની વર્ષગાંઠ જેવા પ્રસંગોએ વૃક્ષ રોપી તેનું જતન કરવા રાજ્યપાલશ્રીનું આહવાન

કમલમ્,

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મુન્દ્રા તાલુકાના વિરાણીયા ગામે એકપેડ મા કે નામ ૩.૦ અંતર્ગત વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો હતો. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રકૃતિનાં સંરક્ષણ અને માતૃવંદનાના અનોખા સમન્વય સાથે શરૂ કરાયેલા રાષ્ટ્રવ્યાપી જનઅભિયાન એક પેડ મા કે નામના સંકલ્પને સાકાર કરવાના ઉદ્દેશ સાથે કચ્છના મુન્દ્રા તાલુકાના વિરાણીયા ગામે વિવિધ સંસ્થા અને સામાજિક વનીકરણ વિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, વૃક્ષો એ ધરતીનું આભૂષણ છે. પ્રકૃતિનું જતન અને સંવર્ધન એ માત્ર ઔપચારિક પ્રક્રિયા નથી, પરંતુ આવનારી પેઢી માટે અમૂલ્ય હરિત વારસો તૈયાર કરવાનો પવિત્ર સંકલ્પ છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રેરિત 'એક પેડ મા કે નામ' અભિયાન ધરતી માતા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અવસર છે. તેમણે જણાવ્યું કે, માત્ર વૃક્ષો વાવી દેવાથી કાર્ય પૂરુ થતું નથી, પરંતુ તેનું પોષણ, ઉછેર અને જતન એટલુંજ અનિવાર્ય છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, શાસ્ત્રોમાં વૃક્ષોને દેવતા સમાન કહ્યાં છે, વૃક્ષો જીવનભર ઓક્સિજન, છાંયડો, ફળ અને લાકડું આપે છે. તેમણે જણાવ્યું કે, કચ્છનાં વિશાળ ભૂભાગમાં મોટાપાયે વૃક્ષારોપણ થઈ શકે તેમ છે. વૃક્ષો વાવવાથી સમયસર અને પૂરતો વરસાદ થાય છે, જેનો લાભ સમગ્ર જીવસૃષ્ટિને મળે છે. ગામની ગૌચર કે પંચાયતની ખાલી જમીનો પર વધુમાં વધુ વૃક્ષો વાવવા તેમણે અપીલ કરી હતી. લોકોને પોતાના બાળકોના જન્મદિવસ કે લગ્નની વર્ષગાંઠ જેવા શુભ પ્રસંગોએ ઓછામાં ઓછું એક વૃક્ષ વાવીને તેનું જતન કરવા રાજ્યપાલશ્રીએ આહ્વાન કર્યું હતું. આ તકે રાજ્યપાલશ્રીએ વૃક્ષારોપણ કરનાર તમામ ગ્રામજનો, સંસ્થાઓ, વન વિભાગ અને વહિવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા. પર્યાવરણ સંતુલન, હીટ મેનેજમેન્ટ તેમજ જૈવવિવિધતાના સંવર્ધનને ધ્યાને રાખીને વિરાણીયા ખાતે ક્રીડા અને ક્લાઈમેટ કેનોપી ફાઉન્ડેશનના સહયોગથી અંદાજે ૧.૪૭ એકર જમીનમાં ચાર ઝોનમાં પ્રત્યેક ઝોનમાં ૭૫૦-૭૫૦ મળીને કુલ ૩,૦૦૦ જેટલા વૃક્ષોનું મિયાવાકી પદ્ધતિથી વન કવચ આકાર પામશે. ઓછી જગ્યામાં સઘન ઓક્સિજન પાર્ક તૈયાર કરાશે, જેમાં ઉચ્ચ, મધ્યમ અને નીચલા સ્તરના દેશી વૃક્ષોની પદ્ધતિસર પસંદગી કરવામાં આવી છે. આ હરિયાળા પ્રકલ્પમાં લીમડો, પીપળો, વડ, ઉંબરો, દેશી બાવળ, ખીજડો, બોરસલી, ગુલમોહર અને મહુડો જેવા પ્રકૃતિ-અનુકૂળ વૃક્ષો ૩ ફૂટના યોગ્ય અંતરે રોપાયા છે. છોડના પોષણ માટે દેશી ગાયના ખાતરનો ઉપયોગ કરાશે. તેમજ પાણીના કરકસરભર્યા ઉપયોગ અને ઝડપી વિકાસ માટે ટપક સિંચાઈ પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, લીમડો, વડ, પીપળો અને ઉંબરો જેવા મહાકાય વૃક્ષો વાર્ષિક ૪ થી ૬ ટન જેટલો કાર્બન ડાયોક્સાઈડ વાતાવરણમાંથી શોષી લઈને વિપુલ માત્રામાં જીવનરક્ષક પ્રાણવાયુ મુક્ત કરે છે. આવનારા સમયમાં આ વન વિરાણીયા ગામ માટે એક પ્રાકૃતિક ફેફસાં સમાન સાબિત થશે અને સ્થાનિક પરિસ્થિતિને શીતળતા પ્રદાન કરશે. સામાજિક વનીકરણ વિભાગ – કચ્છ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સ્થાનિક ગ્રામજનો, પર્યાવરણ પ્રેમીઓ અને વન વિભાગના કર્મચારીઓએ વિશાળ સંખ્યામાં સહભાગી થઈને હરિત ક્રાંતિના આ સંકલ્પને સફળ બનાવ્યો હતો. આ અવસરે ધારાસભ્ય શ્રી અનિરુદ્ધભાઈ દવે, તાલુકા પંચાયત મુન્દ્રાના પ્રમુખ શ્રીમતી સંતોકબા જાડેજા, વિરાણીયા ગામના સરપંચ શ્રી શક્તિસિંહ જાડેજા, જિલ્લા કલેક્ટર શ્રી અનિલ રાણાવસિયા, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક શ્રી વિકાસ સુંડા તેમજ સામાજિક વનીકરણ નાયબ વન સંરક્ષકશ્રી જે. આર. પટેલ સહિતના અગ્રણીઓ અને અધિકારીઓએ ઉપસ્થિત રહીને વૃક્ષારોપણ કર્યું હતું.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ મુન્દ્રાના મોટા કપાયા ખાતે પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લઈને પ્રગતિશીલ ખેડૂતો સાથે સંવાદ કર્યો

પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતા અને ખેત ઉત્પાદન વધે છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

કમલમ્,

કચ્છ જિલ્લાના બે દિવસીય પ્રવાસે પધારેલા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મુન્દ્રા તાલુકાના મોટા કપાયા ગામે પ્રગતિશીલ ખેડૂત શ્રી દિનેશભાઈ વાલાણીના શ્રી નર નારાયણ પ્રાકૃતિક ફાર્મની મુલાકાત લઈ પ્રગતિશીલ ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે ખેતરમાં ઉપસ્થિત ધરતીપુત્રોને સંબોધતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આજે દિનેશભાઈના ખેતરમાં લહેરાતા કેળ, શેરડી, મકાઈ, અંજીર, પપૈયા અને તુવેરના ઉત્કૃષ્ટ પાકો એ વાતની સાબિતી આપે છે કે પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદનમાં સહેજ પણ ઘટાડો થતો નથી, પરંતુ ખર્ચ શૂન્ય થઈ જાય છે અને નફો વધે છે. રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, સામાન્ય છાણીયા ખાતરની સરખામણીએ દેશી ગાયના ગોબર-ગૌમૂત્રના મેળવણથી બનતા ઘન જીવામૃતમાં વધુ સૂક્ષ્મ જીવાણુઓ હોય છે, આ સૂક્ષ્મ જીવાણુઓ અને અળસિયાં જમીનમાં ઓર્ગેનિક કાર્બન વધારે છે, જમીનને પોચી બનાવે છે અને ભેજ સંગ્રહશક્તિ વધારે છે. યુરિયા, ડીએપી અને ઝેરી જંતુનાશકોથી જમીન કઠણ અને બંજર બની રહી છે. તેમણે યુએનના અહેવાલોને ટાંકીને કહ્યું કે, જમીનમાં રસાયણોનો આડેધડ ઉપયોગ ચાલુ રહેશે તો ભવિષ્યમાં જમીન સંપૂર્ણ બિન ઉપજાઉ બની જશે. રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓ અસંખ્ય બિમારીનું કારણ બને છે. કુરુક્ષેત્ર ગુરુકુળના અનુભવ વર્ણવતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, રાસાયણિક ખેતી કરતા ખેડૂતોને ખેત નિભાવ માટે વધુ ખર્ચ થાય છે, જ્યારે પ્રાકૃતિક ખેતીમાં નહીંવત ખર્ચ આવે છે. સાથે સાથે પાણીનો વપરાશ ૫૦% ઓછો થાય અને ઉત્પાદન પણ રાસાયણિક ખેતી કરતાં વધુ નોંધાય છે. રાજ્યપાલશ્રીએ સ્થાનિક ખેડૂત શ્રી હરીશભાઈ ઠક્કર, શ્રી મનોજભાઈ સોલંકી, શ્રી રતિલાલભાઈ શેઠિયા અને શ્રી દિનેશભાઈ વાલાણી જેવા પ્રગતિશીલ ખેડૂતોને યુગદ્રષ્ટા કહ્યાં હતાં. આ ખેડૂતોએ નુકસાનની ચિંતા કર્યા વગર પ્રાકૃતિક ખેતીની પહેલ કરી પોતાની જમીનમાં પ્રાકૃતિક ખેતીના પ્રયોગો કર્યા અને આજે સફળ થઈને તેઓ સમાજ માટે આદર્શ બન્યા છે. તેમણે ઉપસ્થિત તમામ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિપદ્ધતિ અપનાવી ધરતી માતાનું રક્ષણ કરવા અને સમૃદ્ધ બનવા હાકલ કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ ફાર્મની મુલાકાત લઈ શેરડી, કેળ, પપૈયા સહિતના પાકોનું નિરીક્ષણ કર્યું હતું. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અંતર્ગત દેશી ગાયના છાણ, ગૌમૂત્ર, ગોળ, કઠોળનો લોટ અને સજીવ માટી દ્વારા બનાવવામાં આવતા જીવામૃત તેમજ ઘનજીવામૃતની બનાવટ અને ઉપયોગ પદ્ધતિઓનું રાજ્યપાલશ્રીએ નિરીક્ષણ કરી ખેડૂતોને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત "સેક્સ સોર્ટેડ સીમેન ડોઝથી જન્મેલી વાછરડીઓનું નિદર્શન" પણ નિહાળ્યું હતું. આ તકે ફાર્મ ખાતે નરનારાયણ બાગ - ગાય આધારિત ખેતી ઉત્પાદનો તેમજ શ્રીજી ગૃહઉદ્યોગ અંતર્ગત ઉત્પાદિત કાચી ઘાણીના તેલ અને અન્ય પ્રાકૃતિક ઉત્પાદનોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ દ્વારા જમીનની ફળદ્રુપતા વધારવા, પર્યાવરણ અને જળ સંરક્ષણ તેમજ માનવ સ્વાસ્થ્યને સુદ્રઢ બનાવવા રાજ્યપાલશ્રીએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રેરણા આપી હતી. આ પ્રસંગે શ્રી દેવચરણ સ્વામી, કચ્છ જિલ્લા કલેક્ટર શ્રી અનિલ રાણાવસીયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ઉત્સવ ગૌતમ, જિલ્લા પોલીસ વડા શ્રી વિકાસ સુંડા તેમજ પ્રગતિશીલ ખેડૂત અગ્રણીઓ સર્વશ્રી મનોજભાઈ સોલંકી, હરીશભાઈ ઠક્કર, રતિલાલભાઈ શેઠિયા સહિત મોટી સંખ્યામાં ખેડૂત ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

થરાદ ખાતે 'વિકસિત ભારત-૨૦૪૭ સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત જિલ્લા કક્ષાની ચિત્ર અને વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

થરાદની ગાયત્રી વિદ્યાલય ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં ૪૮ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ 'વિકસિત ભારત'ની કલ્પના રજૂ કરી

કમલમ્,થરાદ

વાવ-થરાદ જિલ્લા કલેક્ટરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના સંયુક્ત ઉપક્રમે 'વિકસિત ભારત-૨૦૪૭ સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ગાયત્રી વિદ્યાલય, થરાદ ખાતે જિલ્લા કક્ષાની ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં જિલ્લાના પ્રત્યેક તાલુકામાંથી તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધોરણ ૬ થી ૮), માધ્યમિક વિભાગ (ધોરણ ૯ થી ૧૦) અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ (ધોરણ ૧૧ થી ૧૨) એમ ત્રણેય વિભાગોમાંથી બંને સ્પર્ધાઓ મળીને કુલ ૪૮ વિદ્યાર્થીઓએ પોતપોતાના તાલુકાનું ગૌરવભેર પ્રતિનિધિત્વ કર્યું હતું. ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ કાગળ પર રંગો અને મૌલિક કલ્પનાશક્તિના સથવારે વર્ષ ૨૦૪૭ના વિકસિત ભારતની સુંદર પરિકલ્પના કંડારી હતી. જ્યારે વક્તૃત્વ સ્પર્ધામાં સ્પર્ધકોએ રાષ્ટ્ર નિર્માણ અને પોતાના વિઝન અંગે અત્યંત પ્રભાવશાળી વિચારો રજૂ કર્યા હતા. આ સ્પર્ધાઓ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, વૈચારિક સજ્જતા, વક્તૃત્વ કૌશલ્ય તેમજ આત્મવિશ્વાસ વધારવા માટે પ્રેરણાદાયી સાબિત થઈ હતી. કાર્યક્રમમાં આગેવાન ડૉ. નરેશભાઈ ઠાકોર, શ્રી શૈલેષભાઈ પી. પટેલ, ડૉ. કરશનભાઈ પટેલ સહિતના મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓની પ્રતિભાને બિરદાવી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. વર્ષ ૨૦૪૭ સુધીમાં દેશને વિકસિત બનાવવાના મહાસંકલ્પમાં ભાવિ પેઢીની ભાગીદારી સુનિશ્ચિત કરવા, વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ તથા કર્તવ્યનિષ્ઠાની ભાવના કેળવવા અને તેમની સુષુપ્ત શક્તિઓને જિલ્લા કક્ષાએ ઉત્તમ મંચ પૂરો પાડવા માટે આ આયોજન કરાયું હતું.

મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે યુવા રમતવીરો સાથે મુલાકાત કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્,

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જિલ્લા રમતગમત સંકુલ, પાવાપુર લુણાવાડા ખાતે રમતવીરો સાથે મુલાકાત કરી રમતગમત ક્ષેત્રે પાયાના સ્તરેથી પ્રતિભાવંત ખેલાડીઓને પ્રોત્સાહિત કરવાની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ શરૂ થયેલી ભાજપા સરકારની વિવિધ પહેલ અને ભારતમાં વિકસતા સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના વિષયો અંગે યુવાનો સાથે સંવાદ સાધ્યો હતી. આ અવસરે શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ યુવા રમતવીરો સાથે વિવિધ રમતો રમીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

કમલમ્,

'સેવા સંકલ્પ અભિયા અંતર્ગત આયોજિત 'વારાણસીથી વડનગર' બાઈક યાત્રાનું ગુજરાતમાં આગમન થયું છે ત્યારે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ મહીસાગરના લુણાવાડા ખાતે ઉપસ્થિત રહી સૌ સેવાયાત્રીઓનું સ્વાગત કર્યું હતું અને બાઈક યાત્રામાં સહભાગી થયા હતાં.

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્યની ભાજપા સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે મુલાકાત કરી, યોજનાઓનો લાભ મેળવી તેમના જીવનમાં આવેલા સકારાત્મક પરિવર્તનો અંગે તેમના અનુભવો અને પ્રતિભાવો જાણ્યા હતાં.

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે લુણેશ્વર મહાદેવ મંદિરે દર્શન-પૂજન કરી સૌ નાગરિકોની સુખાકારી અને કલ્યાણ માટે દેવાધિદેવ મહાદેવને પ્રાર્થના કરી.

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ મહીસાગર જિલ્લા ભાજપા સંગઠનના પદાધિકારીઓ સાથે બેઠક યોજી વિવિધ સંગઠનાત્મક વિષયો પર માર્ગદર્શન આપ્યું.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણી અંતર્ગત ગાંધીનગર ખાતે વિવિધ સંગઠનાત્મક બેઠકો યોજતા ભાજપા પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચુગજી

સંગઠનની સુદ્દઢ વ્યવસ્થા, બુથ સ્તર સુધી સુચારુ સંચાલન, અસરકારક સંકલન સહિત વિવિધ સંગઠનાત્મક વિષયો અંગે માર્ગદર્શન આપતા શ્રી તરુણ ચુગજી

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો રેકોર્ડબ્રેક વિજય નિશ્ચિત છે - શ્રી તરુણ ચુગજી

ભાજપાના સુશાસન, વિકાસની રાજનીતિ અને ભયમુક્ત શાસનમાં જનતાને વિશ્વાસ છે- શ્રી તરુણ ચુગજી

જનતાના આશીર્વાદ ભાજપાની સાથે, વિકાસ વિરોધી અને ગુજરાત વિરોધી કોંગ્રેસને જનતા ફરી એક વખત જાકારો આપશે- શ્રી તરુણ ચુગજી

કમલમ્,

ગુજરાત ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચુગજીએ આજે ગાંધીનગર ખાતે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી અંતર્ગત વિવિધ સંગઠનાત્મક બેઠકો યોજી હતી. શ્રી તરુણ ચુગજીએ વોર્ડ ૧ થી ૬ અને વોર્ડ ૭ થી ૧૧ એમ બેતબક્કામાં અપેક્ષિત આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે તથા ત્યારબાદ ચુંટણી સંચાલન સમિતિ સાથે સંકલન બેઠક યોજી હતી. શ્રી તરુણ ચુગજીએ બેઠકમાં ચૂંટણીમાં સંગઠનની સુદઢ વ્યવસ્થા, બુથ સ્તર સુધી સુચારુ સંચાલન, અસરકારક સંકલન સહિત વિવિધ સંગઠનાત્મક વિષયો અંગે માર્ગદર્શન આપ્યું હતું તેમજ અત્યાર સુધીની કામગીરીની સમીક્ષા કરી હતી. આ પ્રસંગે મીડિયા સમક્ષ તેમણે જણાવ્યું કે, ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો રેકોર્ડબ્રેક વિજય નિશ્ચિત છે. ભાજપા તેના પર્ફોર્મન્સના આધારે જનતા વચ્ચે જઈ રહી છે. ભારતીય જનતા પાર્ટીના સંગઠનના કાર્યકર્તાઓ ઘર ઘર જનસંપર્કના માધ્યમથી જન જન સુધી પહોંચી રહ્યા છે. તેઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ ચુંટણીમાં જનતાના આશીર્વાદ ભાજપાને ચોક્કસપણે મળશે. વિકાસ વિરોધી અને ગુજરાત વિરોધી કોંગ્રેસને જનતા ફરી એક વખત જાકારો આપશે. આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી ઋષિકેશભાઈ પટેલ, શ્રી સંજયસિંહ મહિડા, શહેર ભાજપા અધ્યક્ષ ડૉ. આશિષકુમાર દવે, મહાનગરના પ્રભારી શ્રી નિરવભાઈ અમીન, ધારાસભ્યશ્રીઓ શ્રીમતી રીટાબેન પટેલ તથા શ્રી અલ્પેશજી ઠાકોર, ચૂંટણી ઈન્ચાર્જ શ્રી અમિતભાઈ શાહ, સહ ઈન્ચાર્જ શ્રી જતીનભાઈ પટેલ સહિત અપેક્ષિત આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

સેવા સંકલ્પ અભિયાન: વલસાડ જિલ્લા માહિતી કચેરીની ટીમે જળદેવી મંદિરથી આંધિયાવાડ સુધી સફાઈ કરી

વર્ષો જૂનો કચરો દૂર કરી શહીદ ચોકના લારી-ગલ્લા અને પાથરણાવાળાઓને સ્વચ્છતા જાળવવા સમજણ અપાઈ



સરકારના પ્રચાર પ્રસારની કામગીરી કરતા માહિતી ખાતાની ટીમે સ્વચ્છતાનો સંદેશ જનજન સુધી પહોંચતો કર્યો

કમલમ્,વલસાડ

વલસાડ જિલ્લાને સ્વચ્છ અને સુંદર બનાવવાના ઉદ્દેશ સાથે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જિલ્લા કલેકટર નીતિન સાંગવાનના માર્ગદર્શન હેઠળ જિલ્લા માહિતી કચેરી દ્વારા શહેરના લુહાર ટેકરા વિસ્તારમાં આવેલા જળદેવી મંદિરથી આંધિયાવાડ સુધીના મુખ્ય માર્ગ પર સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જિલ્લામાં સરકારની વિવિધ યોજનાઓ અને વિકાસલક્ષી કામગીરીનો પ્રચાર-પ્રસાર કરતી માહિતી ખાતાની ટીમે હાથમાં ઝાડુ ઉપાડી સફાઈ અભિયાનના માધ્યમથી સ્વચ્છતાનો સંદેશ જનજન સુધી પહોંચાડ્યો હતો. નાયબ માહિતી નિયામક ઉમેશ બાવીસાના નેતૃત્વ હેઠળ માહિતી કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ સફાઈ અભિયાન દરમિયાન રસ્તા પર વર્ષોથી પડેલા જૂના-પુરાણા સામાન અને કચરાનો નિકાલ કરી વિસ્તારને સ્વચ્છ બનાવ્યો હતો. સફાઈ અભિયાન દરમિયાન શહીદ ચોકવિસ્તારમાં લારી-ગલ્લા અને પાથરણાવાળાઓ દ્વારા રોજબરોજ થતી ગંદકી અંગે નાયબ માહિતી નિયામક ઉમેશ બાવીસા દ્વારા દુકાનદારો, વેપારીઓ અને લારીગલ્લા વાળાને જાહેર સ્થળોએ ગંદકી ન ફેલાવવા તેમજ કચરાનો યોગ્ય નિકાલ કરવા અને સ્વચ્છતા જાળવવા માટે સમજણ આપી હતી. સવારે બે કલાક દરમિયાન હાથ ધરાયેલા સફાઈ અભિયાનમાં જળદેવી માતા મંદિરથી આંધિયાવાડ સુધીના મુખ્ય માર્ગને સ્વચ્છ અને સુંદર બનાવવામાં આવ્યો હતો. આ સફાઈ અભિયાનમાં નગરપાલિકાના વોર્ડ નં. ૧ના કોર્પોરેટર વર્ષાબેન અમિતભાઈ પાનવાલા તેમજ જિલ્લા માહિતી કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉત્સાહભેર જોડાયા હતા. અભિયાનના અંતે ઉપસ્થિત સૌએ પોતાના કાર્યસ્થળ અને આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવા તેમજ અન્ય લોકોને પણ સ્વચ્છતા માટે પ્રેરિત કરવાનો સંકલ્પ લીધો હતો.

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા વાસડા ગામે પ્રાકૃતિક કૃષિ ગ્રામસભા અને જાગૃતતા રેલી યોજાઈ

પ્રાકૃતિક કૃષિથી જળ, જમીન અને માનવ સ્વાસ્થ્યનું રક્ષણ શક્ય: કુલપતિ પ્રો.આર.એસ.ચંદેલ

કમલમ્,પાલનપુર

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા કુલપતિ પ્રો. આર. એસ. ચંદેલના અધ્યક્ષસ્થાને ડીસા તાલુકાના વાસડા ગામ ખાતે પ્રાકૃતિક કૃષિ અંગે જાગૃતતા રેલી અને ગ્રામસભાનું સફળ આયોજન કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમની શરૂઆતમાં આયોજિત ગ્રામ સભામાં વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. પી. એસ. પટેલે સ્વાગત પ્રવચન કરી જાગૃતતા રેલી અને ગ્રામસભાના હેતુઓ સ્પષ્ટ કર્યા હતા તેમજ યુનિવર્સિટી દ્વારા પ્રાકૃતિક કૃષિના પ્રચાર-પ્રસાર અર્થે હાથ ધરાયેલી વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિઓની વિગતવાર રૂપરેખા આપી હતી. સંશોધન નિયામક ડૉ. એસ. ડી. સોલંકીએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના વૈજ્ઞાનિક મહત્વથી માહિતગાર કરી રાસાયણિક ખાતરો મુક્ત ખેતી પદ્ધતિ અપનાવવા આહ્વાન કર્યું હતું. અધ્યક્ષીય ઉદ્બોધનમાં યુનિવર્સિટીના કુલપતિ પ્રો. આર. એસ. ચંદેલે જણાવ્યું હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન તથા ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યસરકાર અને યુનિવર્સિટી દ્વારા પ્રાકૃતિક કૃષિ મિશન થકી જળ, જમીન, પર્યાવરણ તેમજ માનવ સ્વાસ્થ્યના રક્ષણ માટે સઘન પ્રયાસો થઈ રહ્યા છે. તેમણે દેશી ગાયના ગોબર અને ગૌમૂત્ર આધારિત પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો, મિત્ર કીટકો અને અળસિયાંની સંખ્યામાં વધારો તેમજ જમીનમાં ઉપયોગી સૂક્ષ્મ જીવાણુઓના સંવર્ધન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પ્રાકૃતિક કૃષિના પરિણામો પ્રત્યક્ષ નિહાળવા માટે ખેડૂતો અને વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત લેવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત ખેડૂતો સાથે સીધો સંવાદ સાધીને તેમની ખેતી સંબંધિત મૂંઝવણો અને પ્રશ્નોનું તજજ્ઞો દ્વારા સ્થળ પર જ નિરાકરણ કરવામાં આવ્યું હતું. ગ્રામસભા બાદ સમગ્ર વાસડા ગામમાં પ્રાકૃતિક કૃષિ અંગેની જાગૃતતા રેલી યોજાઈ હતી, જેમાં યુનિવર્સિટીના અધિકારીઓ અને વિદ્યાર્થીઓએ પ્રેરક સૂત્રોચ્ચાર સાથે પરિભ્રમણ કરી ગ્રામજનોમાં જાગૃતિ ફેલાવી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં ૧૩૦ જેટલા ખેડૂતો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. અંતમાં આભારવિધિ સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના સંશોધન નિયામક ડૉ. એસ. ડી. સોલંકી, વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. પી. એસ. પટેલ, સી. પી. કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય અને ડીન ડૉ. એચ. એસ. ભદોરીયા, કુલસચિવ ડૉ. પી. ટી. પટેલ સહિત યુનિવર્સિટીના અન્ય અધિકારીઓ, કૃષિ વૈજ્ઞાનિકો તેમજ ગ્રામ પંચાયતના સરપંચ, ગામના આગેવાનો, પ્રગતિશીલ ખેડૂતો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સૈનિક સ્કૂલ બાલાચાડીના 'સ્વચ્છતા દૂતો' દ્વારા સ્વચ્છતા અભિયાનનું સફળ આયોજન

કમલમ્,જામનગર

જામનગર સ્થિત સૈનિક સ્કૂલ બાલાચાડી ખાતે તા. ૪ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સ્વચ્છતા, સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારી અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી એક વ્યાપક સ્વચ્છતા અભિયાનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં આશરે ૫૦૦ કેડેટ્સ અને ૫૦થી વધુ શિક્ષકો તથા કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ વિશાળ ભાગીદારીએ સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે સૈનિક સ્કૂલ બાલાચાડીની પ્રતિબદ્ધતાને ઉજાગર કરી હતી.

સમર્પિત શિક્ષકો અને કર્મચારીઓના માર્ગદર્શન હેઠળ કેડેટ્સને વિવિધ ટીમોમાં વિભાજિત કરી ચોક્કસ વિસ્તારો તથા સ્વચ્છતાની કામગીરી સોંપવામાં આવી હતી. કેડેટ્સે શાળાના પરિસર તેમજ પરિસરની બહારના રસ્તાઓ અને આસપાસના વિસ્તારોમાંથી કચરો એકત્રિત કરી સ્વચ્છતા જાળવવામાં સક્રિય યોગદાન આપ્યું હતું. અભિયાન દરમિયાન કેડેટ્સે મુલાકાતીઓ તેમજ સામાન્ય જનતાને જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા, પોલિથીન બેગનો બેફામ ઉપયોગ ટાળવા અને કચરાનો યોગ્ય નિકાલ કરવા અંગે જાગૃતિ સંદેશ આપ્યો હતો.

તેમણે સ્વચ્છ પર્યાવરણનું મહત્વ સમજાવતા સ્વચ્છતા એ માત્ર વ્યક્તિગત નહીં પરંતુ સામૂહિક જવાબદારી હોવાનો સંદેશ પણ આપ્યો હતો. આ સ્વચ્છતા અભિયાન દ્વારા 'બાલાચડિયન્સ'માં ટીમવર્ક, શિસ્ત, નેતૃત્વ અને સામુદાયિક જવાબદારી જેવા મૂલ્યોનું ઉત્તમ પ્રદર્શન થયું હતું. કેડેટ્સ અને કર્મચારીઓની ઉત્સાહપૂર્ણ ભાગીદારીએ આ અભિયાનને સ્વચ્છ અને હરિયાળા પર્યાવરણ તરફનું એક નોંધપાત્ર પગલું બનાવ્યું હતું. આ પ્રસંગે સૈનિક સ્કૂલ બાલાચાડીના આચાર્ય ગ્રુપ કેપ્ટન ઉજ્જ્વલ ઘોરમાડે તથા વહીવટી અધિકારી કમાન્ડર હરિ રામ પૂનિયાએ કેડેટ્સ અને કર્મચારીઓના નિષ્ઠાપૂર્વકના અને નિઃસ્વાર્થ પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે કેડેટ્સને શાળાના સાચા 'સ્વચ્છતા દૂતો' ગણાવી તેમના ઉત્સાહને બિરદાવ્યો હતો. સૈનિક સ્કૂલ બાલાચાડીનો દૃઢ વિશ્વાસ છે કે યુવા પેઢીમાં સ્વચ્છતા, સ્વાસ્થ્યપ્રદ આદતો અને પર્યાવરણીય જવાબદારીના મૂલ્યોનું સિંચન કરવાથી સમાજ પર લાંબા ગાળે સકારાત્મક અસર થાય છે. આવી પહેલો દ્વારા શાળા જવાબદાર, શિસ્તબદ્ધ અને સામાજિક રીતે જાગૃત નાગરિકોના ઘડતર માટે સતત પ્રયત્નશીલ છે, જે ભવિષ્યમાં સ્વચ્છ, હરિયાળા અને સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

પાલનપુર ખાતે 'વિકસિત ભારત ૨૦૪૭ સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત જિલ્લાકક્ષાની ચિત્ર અને વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

સિલ્વર બેલ્સ સ્કૂલ પાલનપુર ખાતે 'વિકસિત ભારત ૨૦૪૭' હેઠળ ધોરણ ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓની સ્પર્ધા યોજાઈ

કમલમ્,પાલનપુર

પાલનપુર સ્થિત સિલ્વર બેલ્સ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે 'વિકસિત ભારત ૨૦૪૭ સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬' અંતર્ગત જિલ્લા કક્ષાની ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું. આ સ્પર્ધામાં જિલ્લાભરની સરકારી, ગ્રાન્ટેડ તેમજ ખાનગી શાળાઓમાંથી તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવનાર ધોરણ ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધામાં ધોરણ ૬ થી ૮, ૯ થી ૧૦ અને ૧૧ થી ૧૨ એમ ત્રણ વિભાગોમાં વિદ્યાર્થીઓએ પોતાની કલા અને વક્તૃત્વ કૌશલ્યનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. જેમાં ચિત્ર સ્પર્ધામાં ધોરણ ૬ થી ૮ વિભાગમાં કાણોદર-૨ પ્રાથમિક શાળા (પાલનપુર)ના ફૈઝા અલીહુસેન ફૂગશિયા, ધોરણ ૯ થી ૧૦ વિભાગમાં બી.ડી. મહેતા હાઈસ્કૂલ (દાંતા)ના મમતાબેન આર. કુવરીયા તેમજ ધોરણ ૧૧ થી ૧૨ વિભાગમાં પીએમશ્રી મોડેલ સ્કૂલ (દાંતીવાડા)ના ટિંકલબેન દેવાભાઈ દરજી પ્રથમ ક્રમાંકે વિજેતા બન્યા હતા. તે જ રીતે વક્તૃત્વ સ્પર્ધામાં ધોરણ ૬ થી ૮ વિભાગમાં ભોરણિયા અરફાનાબાનું (દાંતા), ધોરણ ૯ થી ૧૦ વિભાગમાં વિવેકાનંદ વિદ્યાલય (ધાનેરા)ની પ્રિયાંશી ભરતભાઈ કુંભાર તેમજ ધોરણ ૧૧ થી ૧૨ વિભાગમાં એમ.એમ. શાહવિનય મંદિર ગોળા (પાલનપુર)ના વિદ્યાબેન નાગજીભાઈ ઠાકોરે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી મેદાન માર્યું હતું. કાર્યક્રમના સમાપન પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે તમામ કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર વિજેતાઓને શીલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા, તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો એનાયત કરાયા હતા. જિલ્લા પંચાયત પ્રમુખ, ધારાસભ્ય સહિતના અગ્રણીઓએ વિજેતા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી અભિનંદન આપ્યા હતા અને વિકસિત ભારતના નિર્માણમાં યુવાશક્તિના યોગદાન અંગે પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી વસંતભાઈ પુરોહિત, પાલનપુરના ધારાસભ્ય શ્રી અનિકેતભાઈ ઠાકર, નગરપાલિકા પ્રમુખ સુશ્રી સુનીતાબેન પટેલ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન શ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. વિનુભાઈ પટેલ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તેમજ જિલ્લા નોડલ અધિકારી રેખાબેન દ્વિવેદી સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને ઉદ્ઘોષકની ભૂમિકા આચાર્ય જલ્પાબેન જી. આચાર્ય દ્વારા સુપેરે નિભાવવામાં આવી હતી.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કચ્છના ભોરારા ગામે અનુસૂચિત જાતિ પરિવાર સાથે સવારનો નાસ્તો કરીને સામાજિક સમરસતા અને સાદગીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું

કમલમ્,

સમાનતા અને સામાજિક સમરસતાના મૂલ્યોને સાર્થક કરતા ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતજીએ કચ્છ જિલ્લાના ભોરારા ગામની મુલાકાત લઈને અનુસૂચિત જાતિ પરિવારના શ્રી કાનજીભાઈ જેઠાભાઈ મહેશ્વરીના નિવાસસ્થાને સાદો નાસ્તો કર્યો હતો. રાજ્યપાલશ્રીએ ભોરારા ગામના અનુસૂચિત જાતિ પરિવારના શ્રી કાનજીભાઈ જેઠાભાઈ મહેશ્વરી અને તેમના પરિવારના સભ્યો સાથે સવારનો નાસ્તો કરીને કચ્છની મહેમાનગતિ અને આગતાસ્વાગતાને બિરદાવી હતી. રાજ્યપાલશ્રીએ પરિવારના સભ્યો સાથે તેમના રોજિંદા જીવન, શિક્ષણ અને આજીવિકાના સ્ત્રોતો આત્મીયતાથી ચર્ચા કરી હતી. રાજ્યપાલ શ્રીએ કાનજીભાઈ ને પરિવારના મોભી હોવાના નાતે અનુરોધ કર્યો હતો કે બાળકોમાં સતત સંસ્કારનું સિંચન કરીને તેમને જીવનમાં ઉચ્ચ શિક્ષણ અપાવજો. કોઈપણ સંજોગોમાં બાળકોનું શિક્ષણ ન છૂટે તેમ રાજ્યપાલશ્રીએ ખાસ સૂચન કર્યું હતું. આ ઉપરાંત, જીવનમાં કર્મ કરવા અને આર્થિક ઉપાર્જન માટે કોઈપણ કામને નાનું નહીં માનીને જીવન વ્યતિત કરવા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું. શ્રી કાનજીભાઈના પરિવાર દ્વારા ૪ જેટલી ગાયોનું પાલન થાય છે તે જાણીને રાજ્યપાલશ્રીએ અત્યંત આનંદની લાગણી વ્યક્ત કરી હતી. રાજ્યપાલશ્રીએ પરિવારજનોને ગાય આધારિત પ્રાકૃતિક કૃષિના લાભ સમજાવ્યા હતા અને ફળફળાદી ઉગાડવા માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. રાજ્યપાલશ્રીએ શ્રી કાનજીભાઈના પરિવારને લોકભવન, ગાંધીનગર પધારવા આમંત્રણ પાઠવ્યું હતું. સવારના નાસ્તા દરમિયાન રાજ્યપાલશ્રીએ કચ્છ કલેકટરશ્રી અનિલ રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમ અને પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષકશ્રી વિકાસ સુંડા સાથેની વાતચીતમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી છેલ્લા ૨૫ વર્ષમાં કચ્છ જિલ્લામાં થયેલા અભૂતપૂર્વ વિકાસની મનમૂકીને પ્રશંસા કરી હતી. જિલ્લા કલેક્ટરશ્રી સહિત અધિકારીશ્રીઓએ રાજ્યપાલશ્રીને કચ્છના પશુધન, સેવાભાવી સંસ્થાઓ અને જિલ્લાની ભૌગોલિક, આર્થિક તેમજ સામાજિક સ્થિતિ અંગે અવગત કરાવ્યા હતા. કચ્છના મહત્તમ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત લે અને વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તે બાબત પર રાજ્યપાલશ્રીએ વિશેષ ભાર મૂક્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી અનિલ રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમ, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષકશ્રી વિકાસ સુંડા, મુન્દ્રા એસએસપીશ્રી ગૌતમ વિવેકાનંદન, ગામના સરપંચશ્રી, પ્રાંત અધિકારીશ્રી અભિષેક સિન્હા, મામલતદારશ્રી કલ્પનાબેન ગોન્દિયા, નાયબ નિયામકશ્રી (અનુસૂચિત જાતિ) વિનોદ રોહિત, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી વિવેક બારહટ સહિત પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છના ખાવડા ખાતે નિર્માણાધિન વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્કની મુલાકાત લેતા રાજ્યપાલશ્રી આચાર્યદેવવ્રતજી

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હરિત ઊર્જાના વિઝનથી કચ્છની ભૂમિનું ભવિષ્ય બદલાયું : રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

સ્વદેશી ટેક્નોલોજી થકી ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવા આહ્વાન કરતાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

કમલમ્,

ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આજરોજ કચ્છના ખાવડા પાસે આકાર પામી રહેલા વિશ્વના સૌથી મોટા હાઈબ્રીડ રિન્યુએબલ એનર્જી પાર્કની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ ગ્રીન ઊર્જા જ આવનારા સમયનું ભવિષ્ય હોવા પર ભાર મૂકીને પવન ઊર્જા અને સોલાર ઉર્જા ક્ષેત્રે ખાવડા હાઈબ્રિડ રીન્યુએબલ એનર્જી પ્લાન્ટમાં યુદ્ધના ધોરણે ચાલી રહેલી કામગીરીને પ્રત્યક્ષ નિહાળી હતી. રાજ્યપાલશ્રીએ ખાવડા આર.ઈ.પાર્કના અદાણી સેન્ટ્રલ કંટ્રોલ રૂમ ખાતેથી ઊર્જા ઉત્પાદન, મૉનિટરીંગ અને સપ્લાય સહિતની બાબતોની જાણકારી મેળવી હતી. રાજ્યપાલશ્રીએ સ્વદેશી ટેક્નોલોજીના માધ્યમથી ગ્રીન ઊર્જાના લક્ષ્યાંકો હાંસલ કરી આત્મનિર્ભર બનવા આહ્વાન કર્યું હતું.

કચ્છ આગામી દિવસોમાં ગ્રીન એનર્જી ક્ષેત્રે દેશ અને દુનિયામાં અગ્રેસર બનશે એ જાણીને રાજ્યપાલશ્રીએ આનંદની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી કચ્છની ધરતીનું ભાવિ સકારાત્મક રીતે બદલાયું છે. રાજ્યપાલશ્રીએ નેશનલ પાવર ગ્રીડ, ઊર્જા સંગ્રહ માટે બેટરી સ્ટોરેજ ફેસિલિટી, સ્થાનિકકક્ષાએ વિન્ડ અને સોલાર એનર્જી માટે જરૂરી મશીનરી અને મટીરીયલ્સનું ઉત્પાદન વગેરે બાબતો વિશે વિસ્તૃત જાણકારી મેળવી હતી. ભવિષ્યની વીજ માંગને પહોંચી વળવા તથા પર્યાવરણ અનુકૂળ વીજ ઉત્પાદન માટેના ગુજરાત સરકારનાં આગોતરા આયોજનની રાજ્યપાલશ્રીએ પ્રશંસા કરી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીને અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ, ખાવડાના પ્રોજેક્ટ હેડશ્રી શકીલ ચૌહાણે વિન્ડ અને સોલાર એનર્જીના માધ્યમથી ભારતની ઊર્જા જરૂરિયાતને પૂર્ણ કરવામાં કચ્છ કેવી રીતે અગ્રેસર બની રહ્યું છે તેની જાણકારી આપી હતી. ખેતી માટે બિનઉપજાઉ રણની ખારાશવાળી જમીનમાં લાખો સોલાર પ્લેટ નિહાળીને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજી પ્રભાવિત થયા હતા. ઉલ્લેખનીય છે કે, ભારત સમગ્ર વિશ્વમાં ગ્રીન અને ક્લિન ઊર્જાના ક્ષેત્રમાં અગ્રેસર બને તે હેતુથી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડિસેમ્બર-૨૦૨૦માં ખાવડા પાસે આ આર.ઈ. પાર્કનું ભૂમિપૂજન કર્યું હતું. અંદાજે ૮૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં નિર્માણાધીન આ પાર્કમાં વર્ષ ૨૦૨૮ સુધીમાં ૩૭ ગીગાવોટ ૧૦૦ ટકા પર્યાવરણ અનુકૂળ વીજળી ઉત્પાદનનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.

આર.ઈ. પાર્કમાં નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિમિટેડ, ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ, અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ, સર્જન રિયાલિટીઝ પ્રાઈવેટ લિમિટેડ સહિત સરકારી અને ખાનગી કંપનીઓના પ્રોજેક્ટ દ્વારા વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. આ મુલાકાત દરમિયાન નખત્રાણા પ્રાંત અધિકારીશ્રી ઉત્કર્ષ ઉજ્જવલ, તાલીમી સનદી અધિકારીશ્રી માર્ગી શાહ, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક સુશ્રી મનિષા દેસાઈ સહિત અદાણી ગ્રીન એનર્જી લિમિટેડના ઉચ્ચ અધિકારીશ્રીઓ, વહીવટીતંત્રના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમીરગઢ ચેકપોસ્ટ ખાતે મંત્રીશ્રી રમણભાઈ સોલંકી દ્વારા 'સેવા સંકલ્પ બાઈક યાત્રા'નું ભવ્ય સ્વાગત

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષની જનસેવાની ઉજવણી અંતર્ગત 'સેવા સંકલ્પ અભિયાન – વડનગરથી વારાણસી' બાઈક સેવા યાત્રાનું બનાસકાંઠામાં આગમન

સેવા, સંકલ્પ અને રાષ્ટ્રભાવનાનો સંદેશ જન-જન સુધી પહોંચાડવાનો સંકલ્પ

કમલમ્,પાલનપુર

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવાથી રાષ્ટ્રસેવાના ૨૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના ભાગરૂપે આયોજિત "સેવા સંકલ્પ અભિયાન – વડનગરથી વારાણસી-૨૦૨૬" અંતર્ગત વારાણસીથી વડનગર તરફ પ્રસ્થાન કરેલી બાઈક સેવા યાત્રાનું બનાસકાંઠા જિલ્લામાં આગમન થયુ હતું. રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશતા અમીરગઢ ચેકપોસ્ટ નજીક બાઈક સેવા યાત્રાનું સ્વાગત અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી રમણભાઈ સોલંકી અને ઉપસ્થિત મહેમાનોની ઉપસ્થિતમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સાથે બાઈક સેવા યાત્રાએ બનાસકાંઠા જિલ્લામાં પ્રવેશ કર્યો હતો. અમીરગઢ ચેકપોસ્ટ ખાતે યોજાયેલા સ્વાગત કાર્યક્રમમાં બાઈક સવારોનું ઉષ્માભેર સ્વાગત કરી સેવા, સંકલ્પ અને રાષ્ટ્રભાવનાનો સંદેશ જન-જન સુધી પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. બાઈક યાત્રામાં જોડાયેલા સવારોએ ઉત્સાહપૂર્વક યાત્રાને આગળ ધપાવી હતી. યાત્રા દરમિયાન વિવિધ સ્થળોએ જનસહભાગિતા સાથે સેવાકીય તથા સ્વચ્છતા સંબંધિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સેવા યાત્રામાં બાઈક સવારો સાથે પવિત્ર કળશ રથ તેમજ ગુજરાત અને ભારતની વિકાસયાત્રાની ઝાંખી રજૂ કરતી એલ.ઈ.ડી. વાન પણ જોડાઈ છે. યાત્રા બનાસકાંઠા જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ વડનગર તરફ આગળ વધશે. યાત્રા દરમિયાન સ્થાનિક જનપ્રતિનિધિઓ, આગેવાનો, કાર્યકર્તાઓ તથા ગ્રામજનો દ્વારા બાઈક સેવા યાત્રાનું સ્વાગત કરી સહભાગિતા નોંધાવવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી વસંતભાઈ પુરોહિત, પાલનપુર ધારાસભ્યશ્રી અનિકેત ઠાકર, સંગઠનના હોદ્દેદારો, આગેવાનો તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028